# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/50 Dt. 02/08/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે પ્રાદેશિક ચેમ્બર્સના પ્રતિનિધિમંડળની બેઠક: SGCCI દ્વારા વેપાર-ઉદ્યોગના પ્રશ્નોની ધારદાર રજૂઆત

## રાજ્યના આર્થિક વિકાસને વેગ આપવા અને નડતી સમસ્યાઓ ઉકેલવા SGCCIના ઉપપ્રમુખ રવિ રાજ દેસાઈ અને માનદ્ મંત્રી પરેશ લાઠિયાએ ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂ કર્યા મહત્વના સૂચનો

### સુરત-અમદાવાદ, સુરત-રાજકોટ અને સુરત-ભાવનગર રૂટ પર 50થી 70 સીટર વિમાનો શરૂ કરવા કનેક્ટિવિટી ક્ષેત્રે રજૂઆત

### GETCOના દક્ષિણ ઝોનનું મુખ્ય મથક અને ચીફ લિફ્ટ ઇન્સ્પેક્ટરની કચેરી વડોદરાથી સુરત ખસેડવા માંગ

### VAT, CST અને એન્ટ્રી ટેક્સના જૂના વિવાદોના કાયમી નિકાલ માટે 'સબકા વિશ્વાસ' જેવી એમ્નેસ્ટી સ્કીમ લાવવા રજૂઆત

### MANTRAને કસ્ટમ્સ માન્યતા પ્રાપ્ત લેબોરેટરી જાહેર કરવા અપીલ

સુરત, 31 જુલાઈ 2026: ગુજરાત રાજ્યના સર્વાંગી આર્થિક વિકાસ અને ઉદ્યોગ-વેપાર જગતને નડતી વિવિધ સમસ્યાઓના કાયમી નિરાકરણ અર્થે ગુરુવાર, તા. 30 જુલાઈ 2026ના રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (GCCI)ના પ્રમુખ શ્રી સંદીપ એન્જિનિયરનાં નેતૃત્વમાં વિવિધ પ્રાદેશિક ચેમ્બર્સના પ્રતિનિધિઓએ ગાંધીનગર ખાતે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે મુલાકાત કરી હતી. આ ઉચ્ચ સ્તરીય

પ્રતિનિધિમંડળમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) તરફથી ઉપપ્રમુખ શ્રી રવિ રાજ દેસાઈ તથા માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયાએ ખાસ ઉપસ્થિત રહીને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોના પ્રશ્નો અને માંગણીઓની ધારદાર રજૂઆત કરી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ગાંધીનગર ખાતે યોજાયેલી આ સફળ બેઠક અંગે પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, "દક્ષિણ ગુજરાતના વેપાર-ઉદ્યોગના પ્રશ્નો અંગે રાજ્ય સરકારનું વલણ હંમેશાં સહાનુભૂતિપૂર્વક રહ્યું છે. પ્રાદેશિક ચેમ્બર્સના આ સંયુક્ત પ્રયાસો અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની હકારાત્મક ખાતરીથી દક્ષિણ ગુજરાતના ઉદ્યોગજગતમાં વિશ્વાસનો નવો સંચાર થયો છે. મને આશા અને વિશ્વાસ છે કે પડતર પ્રશ્નોનો જલદી ઉકેલ આવશે અને ઉદ્યોગોને નવી દિશા મળશે."

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી રવિરાજ દેસાઈએ જણાવ્યું હતું કે, બેઠક દરમિયાન રાજ્યના આર્થિક માળખાને વધુ મજબૂત કરવા અને ઉદ્યોગો માટે વધુ સાનુકૂળ વ્યાપારી વાતાવરણ પૂરું પાડવા માટે મુખ્યમંત્રીશ્રી સમક્ષ નીચે મુજબની મુખ્ય રજૂઆતો મૂકવામાં આવી હતી:

**1. કનેક્ટિવિટી અને નાગરિક ઉડ્ડયન:**

• ગુજરાતમાં પ્રાદેશિક હવાઈ જોડાણને મજબૂત કરવા ઉડાન યોજના હેઠળ સુરત-અમદાવાદ, સુરત-રાજકોટ અને સુરત-ભાવનગર રૂટ્સ પર 50થી 70 બેઠક ધરાવતા વિમાનો શરૂ કરવા માગ કરાઈ છે. હાલના 9 સીટર વિમાનો મુસાફરોની માગ સામે અત્યંત અપૂરતા સાબિત થાય છે.

**2. ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ:**

• GUVNLના તા. 31-08-2024ના ઓર્ડર મુજબ રિન્યુએબલ એનર્જી બેન્કિંગ મર્યાદા 30% કરી દેવાતા ઉદ્યોગોની 40% ઉત્પાદન ક્ષમતા અટવાઈ છે, જેનો ત્વરિત ઉકેલ લાવવા વિનંતી કરાઈ.

• BESS (Battery Energy Storage System) સ્થાપનારા એકમોને ઓછામાં ઓછી 50% મૂડી સહાય આપવા અને સંગ્રહિત વીજળી નોન-સોલર કલાકો દરમિયાન ગ્રીડમાં આપવાની મંજૂરી આપવા રજૂઆત કરાઈ.

• વહીવટી સરળતા માટે GETCOના દક્ષિણ ઝોનનું મુખ્ય મથક અને ચીફ લિફ્ટ એન્ડ એસ્કેલેટર ઇન્સ્પેક્ટરની કચેરી વડોદરાથી સુરત ખાતે સ્થળાંતર કરવા માગ કરાઈ છે.

**3. નાણાં અને કરવેરા સંબંધિત:**

• VAT, CST અને એન્ટ્રી ટેક્સના જૂના વિવાદોના આખરી નિકાલ માટે કેન્દ્રની 'સબકા વિશ્વાસ' જેવી વ્યાપક એમ્નેસ્ટી યોજના જાહેર કરવા રજૂઆત કરાઈ.

• DDPI (ડીમેટ ડેબિટ અને પ્લેજ ઇન્સ્ટ્રક્શન્સ) પર સ્ટેમ્પ ડ્યુટી લાગુ પડતી નથી તે અંગે સ્પષ્ટ પરિપત્ર જારી કરવો.

• ઇંધણના ભાવવધારા સામે VAT અને સેસમાં 1%થી 2%નો ઘટાડો કરી જનતા અને ઉદ્યોગોને રાહત આપવી.

• GST હેઠળના એડજુડિકેશન ઓર્ડર્સ અપીલમાં સરળતા રહે તે માટે અંગ્રેજી અથવા દ્વિભાષી સ્વરૂપમાં જાહેર કરવા.

**4. ઔદ્યોગિક નીતિ અને જીઆઇડીસી:**

• સુરતથી ટેક્સટાઇલ નિકાસને વેગ આપવા સુરત સ્થિત MANTRA લેબોરેટરીને કસ્ટમ્સ માન્યતા પ્રાપ્ત ફેબ્રિક ટેસ્ટિંગ લેબોરેટરી તરીકે અધિકૃત કરવા અપીલ કરાઈ.

• GIDCમાં કાર્યરત ઓટોમોબાઇલ સેલ્સ એન્ડ સર્વિસ યુનિટ્સને 'કોમર્શિયલ'ના બદલે 'ઔદ્યોગિક એકમ' ગણવા માગણી.

- નવી ઔદ્યોગિક નીતિ-2026 હેઠળ તાપી જિલ્લાના વ્યારા અને વાલોડ તાલુકાઓને કેટેગરી-Aમાં સમાવવા રજૂઆત.

- ટેક્સટાઇલ પોલિસી-2024 હેઠળની DLAC સમિતિઓમાં પ્રાદેશિક ચેમ્બર્સના પ્રતિનિધિઓને સમાવવા માગ કરાઈ.

**5. પૂર રાહત, TP સ્કીમ અને કાયદાકીય સુધારા:**

- સુરતમાં પૂરગ્રસ્ત MSME માટે જાહેર કરાયેલા રાહત પેકેજમાં ઉત્પાદન એકમો (Manufacturing Units)નો સ્પષ્ટ સમાવેશ કરી મિલકત વેરામાં મુક્તિ આપવી.

- જાહેર ટ્રસ્ટોને મ્યુચ્યુઅલ ફંડ કે સિક્યુરિટીઝમાં પૂર્વ મંજૂરી વિના 50% સુધીના રોકાણની મંજૂરી આપવા નિયમો સુધારવા વિનંતી કરાઈ.

- રોડ ટેક્સની બેવડી વસૂલાત અટકાવવા ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એક્ટ, 1963ની કલમ 99(II)માંથી 'વાહન (Vehicle)' શબ્દ દૂર કરવો.

- સુરત જિલ્લામાં વર્ષોથી અટવાયેલી ડ્રાફ્ટ અને સ્થગિત TP સ્કીમોને સત્વરે ફાઇનલ મંજૂરી આપવા અથવા બાંધકામ પરવાનગીની વૈકલ્પિક વ્યવસ્થા કરવા રજૂઆત કરાઈ.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે SGCCI સહિતના પ્રતિનિધિમંડળની તમામ રજૂઆતોને સહાનુભૂતિપૂર્વક સાંભળીને રાજ્યના વેપાર-ઉદ્યોગના હિતમાં સત્વરે યોગ્ય નિર્ણય લેવાની સકારાત્મક ખાતરી આપી હતી.